શારદા મહિલા વિકાસ સોસાયટી

# સેવા સુવાસ



'અમે તે ઈશ્વરના દાસ છીએ,
જેને અજ્ઞાનીઓ "મનુષ્ય" કહે છે.'
સ્વામી વિવેકાનંદ

## સંયુકત મુખપત્ર

જુલાઈ થી સપ્ટેમ્બર – ૨૦૨૫



ગ્રામ્યસ્તરે ઉત્કૃષ્ટ માનવ સેવા બદલ
VTV 'ધન્વતરી' એવોર્ડ






ગ્રામ્ય વિસ્તારોમાં સૌથી વધુ
રકત એકત્રીત કરવા બદલ સન્માન

ટાઈમ્સ ઓફ ઈન્ડિયા અને માલબાર ગોલ્ડ એન્ડ
ડાયમંડ્સ તરફથી આરોગ્ય સેવા માટે સન્માન



Best Workplaces for Women
Great Place To Work.
INDIA 2025

Top 100 I Mid-size
India's Best
Workplaces
for Women

SEWA Rural

*For inspiring trust among your people, instilling pride in them, creating an environment that promotes camaraderie, and delivering a great workplace experience for all your employees*

Balbir Singh
Chief Executive Officer
Great Place To Work®, India

ભારતમાં બહેનો માટે કામ કરવાના શ્રેષ્ઠ
૧૦૦ કાર્યસ્થળમાં સેવા રૂરલની પસંદગી




વિજીટીકે પદવીદાન સમારંભ



Great Place To Work®
Certified
JUN 2025-JUN 2026
INDIA

This is to certify that SEWA Rural has successfully completed the assessment conducted by Great Place To Work®, India, and is certified as a great workplace.
Category: Non - profit and Charity Organizations

This certificate is valid from June 2025 till June 2026.

Balbir Singh
Chief Executive Officer
Great Place To Work®, India

Note: The certificate is valid subject to the terms and conditions agreed to by the Organization.

ગ્રેટ પ્લેસ ટુ વર્ક

# સેવા સુવાસ

૧૯૮૪ થી સેવા રૂરલ સંસ્થાનું ત્રિમાસિક મુખપત્ર ''સેવા સુવાસ'' તેમજ સેવા રૂરલની ભગિની સંસ્થા શારદા મહિલા વિકાસ સોસાયટી દ્વારા વર્ષ ૨૦૦૭થી ''શારદા સુવાસ'' નિયમિત રીતે પ્રકાશિત થઈ રહ્યા હતાં.

વર્ષ ૨૦૧૨થી બંને સંસ્થાના સંયુક્ત ઉપક્રમે 'સેવા સુવાસ' પ્રકાશિત થાય છે. સંસ્થાના ત્રણ અભિગમ – સામાજિક સેવા, વૈજ્ઞાનિક અભિગમ અને આધ્યાત્મિક દ્રષ્ટિકોણ સાંકળીને આરોગ્ય, આર્થિક પ્રવૃત્તિઓ, શૈક્ષણિક તથા રચનાત્મક પ્રવૃત્તિઓનો પ્રસાર કરવાનો શુભ આશય રહ્યો છે. આ બંને સંસ્થાના સમાચારો અને તે વિશેની માહિતી ઉપરાંત સંસ્થાના કાર્યકરો, ગ્રામ્યકક્ષાની સહયોગી બહેનો, કિશોરીઓ અને બાળકો પોતાના સ્વાનુભવો તેમજ પ્રેરક પ્રસંગો અહી રજૂ કરતાં રહે છે.

આપ સૌના પ્રતિભાવો અને સૂચનો, અમારી યાત્રાને પ્રેરણા અને બળ પૂરું પાડશે.


| | સાંકળીયું | પાન નં. |
|---|---|---|
| ૧. | વલોણું | ૨ |
| ૨. | વિવેકાનંદના પત્રો માંથી | ૩ |
| ૩. | માતૃશકિત | ૩ |
| ૪. | સંસ્થાનાં સમાચાર | ૪ |
| ૫. | મિત્રોની નજરે | ૧૬ |
| ૬. | અમે કયાં ચૂકયા ? | ૧૭ |
| ૭. | સંશોધનની એરણેથી | ૧૮ |
| ૮. | નાનાઓની મોટાઈ | ૧૯ |
| ૯. | અનુભવની એરણ ઉપર | ૧૯ |
| ૧૦. | અમારી વાત : સફળતાનો માપદંડ | ૨૦ |


**(મુખપૃષ્ઠ) : સંસ્થામાં શરૂ કરાયેલ નવા ફિઝીયોથેરાપી વિભાગમાં લાભ લેતા દર્દીઓ**


**સેવા સુવાસ સમિતિ**

બંકિમ શેઠ

| | | |
|---|---|---|
| જાગૃતિ શાહ | ઘનશ્યામ પટેલ | વિક્રમસિંહ વાંસદીયા |
| મુકેશ પરીખ | મંજુલા માછી | ગાયત્રી પટેલ |
| મનીષ ચૌહાણ | પરષોત્તમ વસાવા | જૈમિત રાવલ |

# વલોણું : ઈશ્વરની અમૂલ્ય ભેટ

નામ : તેજલબેન રાહુલભાઈ ચૌહાણ
(નામ બદલ્યું છે.)
ઉંમર : ૨૯ વર્ષ
ગામ : નવા દીવા, તા.અંકલેશ્વર.
સાસરી : મહેસાણા
બેન : ૧૨ પાસ, ઘરકામ
પતિ : ૯ પાસ, ડ્રાઈવિંગ

તેજલબેનને ૯ મી વખતની પ્રેગ્નેન્સી હતી. આગળની પ્રેગ્નેન્સીમાં ૮ વખત બે, અઢી અને ૩ મહિને ૮ સુવાવડ થઈ હતી અને દરેક સુવાવડમાં બાળકના ધબકારા બંધ થઈ જતા હતા. બેનનું પિયર ભરૂચ હોવાથી સારવાર ભરૂચમાં કરાવતા હતા.

૯મી વખતે તેમને ખબર પડી કે તેમને પ્રેગ્નેન્સી છે. ત્યારથી સેવા રૂરલ હોસ્પિટલમાં તપાસ કરાવવા માટે આવ્યા. તેજલબેનના પતિના કોઈ ભાઈબંધે કીધું હતું કે બેનને વારંવાર અધુરા મહિને કસુવાવડ થઈ જાય છે, તો તમે બેનને આ પ્રેગ્નેન્સીમાં સેવા રૂરલ હોસ્પિટલમાં બતાવી આવો. ત્યારબાદ બેન દોઢ મહિનાથી સેવા રૂરલ હોસ્પિટલમાં બતાવવા માટે આવતા હતા.

બેનને અઢી મહિના સુધી ડાયાબીટીસની દવા ચાલુ હતી. ૩ મહિનાથી સુગર વધારે આવતા હોસ્પિટલમાં દાખલ કરી, ઈન્સ્યુલીન + ગોળી ચાલું કરવામાં આવ્યા. ૯ મહિના સુધી ચાલુ રાખવામાં આવ્યા. આ પ્રેગ્નેન્સીમાં પણ કસુવાવડ ના થાય તેના માટે ૯ મહિના સુધી ઠંડકના ઈન્જેકશન ચાલુ કરવામાં આવ્યા. બેનને આગળ ૮ વખતની કસુવાવડ થઈ ગયેલી હોવાથી અને ડાયાબીટીસની દવા ચાલુ હોવાથી, બેનને ૯માં મહિને હોસ્પિટલમાં દાખલ કરી સુવાવડ નોર્મલ કરાવવા માટે દુખાવો શરૂ કરવાની દવા શરૂ કરી. બેનને નોર્મલ સુવવાડ ના થતા સીઝરીયન ઓપરેશન કરવામાં આવ્યું. દીકરાનો જન્મ થયો. વજન ૨.૮૦૦ કિગ્રા હતું. બેન અને બાળક બંને સારા. બાળકને NICU માં રાખવામાં આવ્યું. બેનને તંદુરસ્ત બાળક મળ્યું તેનાથી બેનનાં સગાને ખૂબ આનંદ થયો.

હોસ્પિટલમાંથી બેન તંદુરસ્ત બાળક લઈને ઘરે ગયા તેનો અમને ઘણો આનંદ છે. વર્ષો વર્ષ સેવા રૂરલમાં કોમ્પ્લીકેટેડ ડીલીવરીની સંખ્યા વધતી રહી છે. સગર્ભા બેનોને સગર્ભા અવસ્થા કરતા પહેલાની સગર્ભા અવસ્થામાં બે થી વધારે કસુવાવડ, બાળકનું ગર્ભમાં જ મૃત્યુ પામવું કે અધુરા માસે સુવાવડ થવાને કારણે બાળ મૃત્યુ, વિ. જેવા પેશન્ટને BOH (Bad obstetric history) છે એમ કહેવાય છે.

છેલ્લા ૧૦ વર્ષમાં આવા BOH વાળા સગર્ભાબેનોની સંખ્યામાં ૭ ગણો (૬૦૦%) નો વધારો થયો છે. વર્ષ ૨૦૨૪–૨૫માં કુલ ૧૪૮ બહેનો એવી હતી કે જેમને વિવિધ કારણોસર બાળક જીવિત ન રહયું. એટલે કે દર ૨–૩ દિવસે એવી એક બેનની ડીલીવરી સેવા રૂરલમાં થઈ હતી. આવી માતાઓમાંથી ૯૭% ના બાળકને જીવિત જન્મ પ્રાપ્ત થયો હતો. જે બાબતનો સેવા રૂરલ સ્ટાફ પરિવારને ભારોભાર આનંદ છે.

## વિવેકાનંદના પત્રો માંથી

**૬૩, સેન્ટ જયોર્જીઝ રોડ, લંડન,**
**૭મી જૂન, ૧૮૯૬**

પ્રિય મિસ નોબલ,

મારો આદર્શ ખરેખર થોડાક શબ્દોમાં આમ મૂકી શકાય : માનવજાતને તેનામાં રહેલી દિવ્યતાનો અને જીવનની દરેક પ્રવૃત્તિમાં તેને કેવી રીતે વ્યકત કરવી, તેનો ઉપદેશ આપવો.

દુનિયા વહેમની શૃંખલામાં સપડાયેલી છે. દરેક દબાયેલ સ્ત્રી કે પુરુષ પ્રત્યે મને દયા આવે છે, ખાસ કરી જેઓ દબાવનારા છે તેમની મને વિશેષ દયા આવે છે.

જે એક વિચાર હું સૂર્યપ્રકાશ જેટલો સ્પષ્ટ જોઉં છું તે એ છે કે દુ:ખ 'અજ્ઞાન' થી આવે છે, બીજા કશાથી જ નહીં. દુનિયાને પ્રકાશ કોણ આપશે ? ભૂતકાળમાં આત્મભોગ તે 'કાયદો' હતો; અને અફસોસ કે યુગો સુધી તે રહેવાનો જ. 'બહુજન હિતાય, બહુજન સુખાય' દુનિયાના વીર અને શ્રેષ્ઠ લોકોએ પોતાનું બલિદાન આપવું પડશે. અનંત પ્રેમ અને અમાપ દયાવાળા સેંકડો બુદ્ધોની (દુનિયા માટે) જરૂર છે.

જગતના ધર્મો નિર્જીવ અને હાંસી જેવા થઈ ગયા છે. દુનિયા ચારિત્ર્ય માગે છે. જેમનું જીવન એક નિ:સ્વાર્થ જવલંત પ્રેમરૂપ છે, તેવા પુરુષોની દુનિયાને જરૂર છે. આવા પ્રેમનો શબ્દ વજ્ર જેવી અસર કરશે.

તમારામાં વહેમ નથી, એની મને ખાતરી છે; દુનિયા હલાવનારનું તમારામાં ઘડતર છે; અને બીજાઓ પણ આવશે, નીકળશે, વીરતાભર્યા વચનો અને એથીય વધુ વીરતાભર્યા કાર્યોની જ આપણે જરૂર છે. જાગો, ઓ મહાનુભાવો ! જાગો, દુનિયા દુ:ખમાં બળી રહી છે; તમારાથી સૂઈ રહેવાય કે ? ચાલો, સૂતેલા દેવો જયાં સુધી જાગે નહીં, જયાં સુધી અંદર રહેલો દેવ જવાબ ના આપે, ત્યાં સુધી પોકાર પાડયા જ કરો. જીવનમાં બીજું વધારે છે શું ? એથી વિશેષ મહાન કામ છે કયું ? જેમ જેમ હું આગળ વધું છું, તેમ તેમ વિગતો મને સૂઝતી આવે છે. હું કદી (અગાઉથી) યોજના કરતો નથી. યોજનાઓ પોતે વિકસે છે અને પોતાની મેળે કાર્ય કરતી થાય છે. હું તો એટલું જ કહું છું: જાગો, બસ જાગો !

તમારા ઉપર સદાય સર્વે આશીર્વાદ ઉતરો !

સસ્નેહ તમારો
વિવેકાનંદ

## માતૃશકિત

નામ : મીનાબેન સુરેશભાઈ શર્મા
ગામ : શાંતિ નગર, અંકલેશ્વર

મીનાબેને ૨ વર્ષથી લવમેરેજ કર્યા હતા. પતિ અંકલેશ્વરમાં કંપનીમાં કોન્ટ્રાકટમાં કામ કરે. મીનાબેન તેના પતિ સુરેશભાઈ સાથે જુદા રહેતા હતા. બેનને મહિના રહયા ત્યારે સેવા રૂરલમાં નિયમિત તપાસ કરાવવા આવતા. બેનને પુરા મહિને તા. ૩૧/૮/૨૫ નાં રોજ રાત્રે દુ:ખાવો શરૂ થયો. બેનના પતિ સુરેશભાઈ રીક્ષા લેવા ગયા અને પોતાના ભાઈ પાસેથી બાઈક લઈને ઘરે આવ્યા ત્યારે મીનાબેનને વધુ દુ:ખાવો થતો હોવાથી સુરેશભાઈના આવવાની રાહ જોયા વિના બેનને રીક્ષામાં લઈને તેમના મમ્મી ઝઘડિયા સેવા રૂરલ

હોસ્પિટલ પહોંચી ગયા. સુરેશભાઈ બાઈક લઈને ચાલુ વરસાદે અંકલેશ્વથી ઝઘડિયા રાત્રે એકલા આવી રહયા હતા, ત્યારે ગુમાનદેવ પાસે (ઝઘડિયાથી ૫ કિ.મી દુર) સુરેશભાઈનો એક ટ્રક સાથે એકસીડન્ટ થયો. ભાઈનું સ્થળ પર જ મૃત્યુ થયું.

આ બાજુ મીનાબેન તેના પતિ અંગે પૂછયા કરે હજી સુધી કેમ નથી આવ્યા? બેનને જાણ કરી કે સુરેશભાઈને એકસીડન્ટ થયો છે અને તેમને પગમાં ફ્રેકચર થયું છે. માટે અંકલેશ્વર સારવાર માટે લઈ ગયા છે. આ બાજુ બેનની મમ્મીએ હિંમત રાખી દીકરીની સાથે રહયા. બેનની સુવાવડ તા.૧/૯/૨૫ ના રોજ બપોરે થઈ, બેનને દિકરો આવ્યો. વજન 3kg. બેનની તબિયત સારી હતી. પરંતુ પતિ માટે ચિંતા કરતી અને રડતી હતી. બીજી બાજુ ઝઘડીયા હોસ્પિટલમાં લેબરરૂમ સ્ટાફ, નિકિતાબેન, જયોત્સનાબેન, ઉજમબેન, શાંતાબેન, આયામાસી, ગાયનેકોલોજીસ્ટ બધાએ મીનાબેનનું સુવાવડમાં ખુબ ઘ્યાન આપ્યું. લેબરરૂમ સ્ટાફને થયું કે જયારે સુરેશભાઈને સ્મશાને લઈ જાય ત્યારે મીનાબેન હાજર રહે તો સારૂ પરંતુ એ શકય ન હોવાથી આવા સમયે બેનને આ દુઃખદ અવસાનની જાણ કરી. પછી બેનને તેનાં પતિનું મોબાઈલ ફોનમાં વીડિયોકોલ દ્વારા છેલ્લુ મોઢુ બતાવ્યું.

બેનનું કલ્પાંત જોઈ હોસ્પિટલનાં લેબરરૂમ સ્ટાફ પણ બધા જ રડી પડયા. પછી બેનને છેલ્લા બંગડી ફોડવાની વિધિ કરવાની વ્યવસ્થા પણ સ્ટાફે લેબરરૂમમાં જ કરી આપી. આવુ કરૂણ દશ્ય જોતા બધાના હૈયા રડી રહયા હતા. બેનને ૧૯ વર્ષની નાની ઉંમરે મોટુ દુઃખ આવ્યું. બેનને દુઃખ સહન કરવા માટેની શકિત આપે તેવી સૌએ પ્રાર્થના કરી. મીનાબેનને હોસ્પિટલમાંથી રજા આપી અને તેઓ સુખરૂપે બાળક લઈ ઘરે ગયા પરિવારના સૌએ સેવા રૂરલ પરિવારનો આભાર માન્યો. અને કહેતા ગયાં કે, “આવી વિકટ પરિસ્થિતિમાં સેવા રૂરલ સંસ્થાના બધા સ્ટાફ અમારી સાથે રહયાં અમે એકલા પડી ગયા નથી એવુ અમને લાગ્યુ છે.” કહી બધાનો ખૂબ આભાર માન્યો.

નોંધ : આ કેસ સ્ટડીમાં દર્દીનું નામ બદલવામાં આવ્યું છે.

## સેવા રૂરલ જનરલ સમાચાર

- ટાઈમ્સ ઓફ ઈન્ડિયા ગ્રુપ અને માલાબાર ગોલ્ડ એન્ડ ડાયમંડ ગ્રુપના (મુંબઈ) સંયુકત ઉપક્રમે સામાજીક ક્ષેત્રે ઉત્કૃષ્ટ પ્રદાન કરનારી ભારતની વિવિધ સંસ્થાઓ પૈકી સેવા રૂરલ સંસ્થાને તા. ૧૨/૭/૨૫ ના રોજ મુંબઈમાં હેલ્થકેર ક્ષેત્રમાં વિશિષ્ટ પ્રદાન માટે એવોર્ડ આપવામાં આવ્યો. સેવા રૂરલના પ્રતિનિધિ તરીકે ડો. અમીબેન યાજ્ઞિકે આ એવોર્ડ સ્વીકાર્યો.
- સેવા રૂરલના ૧૦૨ કાર્યકરો દ્વારા આ ચોમાસાની ઋતુમાં, પોતાના ઘરના વાડામાં કુલ ૩૦૯ જેટલા વિવિધ પ્રકારના વૃક્ષોની રોપણી કરી. જયારે સંસ્થાના વિવિધ કેમ્પસમાં કુલ ૨૩૪ વૃક્ષો રોપવામાં આવ્યા.
- સેવા રૂરલની સ્થાપનાના ઓકટોબર ૨૦૨૫માં ૪૫ વર્ષ પુરા થનાર છે. આ ૪૫માં વર્ષમાં કેટલાક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આ પૈકી સંસ્થાના દરેક કાર્યકરોને આવરી લેતી "ગ્રુપચર્ચા" ગોઠવવામાં આવી છે. ગ્રુપચર્ચાનો વિષય છે. "સેવા રૂરલ

સંસ્થાને જીવંત અને જાગ્રત કેવી રીતે રાખી શકાય ?" તમામ કાર્યકરો આ ચર્ચામાં ભાગીદાર બને તેવુ આયોજન સફળતાપૂર્વક પૂરુ થનાર છે.

તેવી રીતે સંસ્થાના લગભગ ૩૦ જેટલા કાર્યકરો સાથે "વ્યકિતગત વિકાસ" ના ત્રણ દિવસના કુલ ત્રણવાર વર્કશોપ યોજવામાં આવ્યાં.

- ભરૂચ – નર્મદા જીલ્લા સર્વોદય મંડળ દ્વારા દર વર્ષે તા.૨૦મી ઓગષ્ટે સ્વ. નાનુભાઈ મજમુદારની સ્મૃતિમાં યોજાતી મિટિંગમાં સંસ્થાના પ્રતિનિધિ વિક્રમસિંહ વાંસદીયાએ ભાગ લીધો. આ કાર્યક્રમમાં ઉપસ્થિત સંસ્થાઓ અને વ્યકિતગત ધોરણે સમાજપયોગી કાર્યોની રજૂઆત કરવામાં આવે છે. અને અગામી "ગાંધીમેળા"નું સ્થળ – વિષયો વિગેરેનું આયોજન કરવામાં આવે છે.
- તા. ૧૯,૨૦,૨૧ સપ્ટેમ્બર ૨૫ ના રોજ ત્રણ દિવસની આધ્યાત્મિક શિબિર યોજાઈ ગઈ. સ્વામી મેધજાનંદજી (રામકૃષ્ણ આશ્રમ) રાજકોટ દ્વારા ગીતાના બીજા અધ્યાયમાં દર્શાવેલ સ્થિતપ્રજ્ઞના લક્ષણો અંગે ત્રણ દિવસ વિસ્તૃત વિવરણ કરી તરબોળ કર્યા હતા.
- સ્વામી જ્ઞાનગમ્યાનંદજી જયારે (રામકૃષ્ણ આશ્રમ) નાગપુર દ્વારા શ્રી રામકૃષ્ણ દેવની ભાવધારા અને શ્રી રામકૃષ્ણ દેવ અને સ્વામીજી અંગે વાતો કરી મનનીય દ્રષ્ટાંતો દ્વારા ભકિતમય વાતાવરણમાં તરબોળ કર્યા. આ શિબિરમાં લગભગ ૩૦ સભ્યો જોડાયા હતા.
- તા.૧૬/૮/૨૦૨૫ શનિવારે, કેમ્પસમાં મંદિર મંડપ ઉપર "જન્માષ્ટમી"ની ઉજવણી, કાર્યકરો અને પરિવાર સાથે કરવામાં આવી.

## હોસ્પિટલ વિભાગ

- તા.૧૮/૭/૨૦૨૫ ના રોજ મોડયુલર ઓપરેશન થિયેટરનું ઉદ્‌ઘાટન થઈ ગયું. નવા ઓપરેશન થીયેટરમાં ત્રણ મોડયુલર ઓપરેશન થીયેટર છે. જેમાં પ્રિ અને પોસ્ટ, ૨ વોર્ડ છે. ઓકિસજન સીસ્ટમ સાથેના આ મોડયુલર ઓપરેશન થીયેટરમાં ગરીબ લોકોના ઓપરેશન પણ વિના મૂલ્યે થશે. જેનો સંસ્થાને વિશેષ આનંદ છે.
- ૨ જુલાઈ ૨૦૨૫ ના રોજ વડોદરાથી ડો. રિધ્ધિબેન ઉપાધ્યાય ત્રાંસી આંખના નિષ્ણાંત વિઝિટીંગ કન્સલટન્ટ તરીકે મહિનામાં એકવાર શરૂ થયા.
- તા. ૩૦ જુલાઈ ૨૦૨૫ ના રોજ દિલ્હીમાં સીકલસેલ ડીસીઝ વિશે મીનીસ્ટ્રી ઓફ હેલ્થ એન્ડ ફેમીલી વેલ્ફેર એન્ડ નેશનલ હેલ્થ મીશન દ્વારા આયોજીત મીટીંગ થઈ. આવતા ૫ વર્ષના રાષ્ટ્રીય કક્ષાના આયોજનમાં સેવા રૂરલને પોતાના એકસ્પર્ટ્સ અનુભવ શેર કરવા માટે આમંત્રિત કર્યા હતા. ડો.ગાયત્રીબેને અત્યાર સુધીના બહોળા અભ્યાસ અને અનુભવો આ મિટિંગમાં રજૂ કર્યા.
- તા.૨૮ ઓગષ્ટ ૨૦૨૫થી ડો.તૃપ્તિબેન ગુપ્તા ગ્લુકોમા સર્જન વિઝિટીંગ કન્સલટન્ટ તરીકે મહિને એકવાર શરૂ થયા.
- તા.૧૭ સપ્ટે. ૨૦૨૫થી ડો.પ્રિતિબેન કામત ગ્લુકોમા સર્જન વિઝિટીંગ કન્સલટન્ટ તરીકે

મહિનામાં એકવાર શરૂ થયા.

- તા.૧૧ સપ્ટે. ૨૦૨૫ ના રોજ ઈનવીલર કલબ અંકલેશ્વર દ્વારા ૨૧૦ દાખલ માતા દર્દીઓને પૌષ્ટીક કીટ જેમાં ખજુર, ગોળ, કોપરાની કીટ વહેંચવા માટે આવી ગયા.
- ડેડીયાપાડા સેટેલાઈટ સેન્ટર આંકડાકીય વિગત

| અં. નં. | માસ | ઓપીડી દર્દી | રીફર |
|---|---|---|---|
| ૧ | જુલાઈ – ૨૫ | ૧૬૨૯ | ૨૭ |
| ૨ | ઓગષ્ટ – ૨૫ | ૧૪૨૩ | ૨૦ |
| ૩ | સપ્ટેમ્બર – ૨૫ | ૧૨૬૨ | ૩૨ |
| | કુલ | ૪૩૧૪ | ૭૯ |

- સ્માર્ટફોનથી એનિમિયા ચકાસણી માટેનો રિસર્ચ પ્રોજેકટ સ્માર્ટફોનનો ઉપયોગ કરીને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) મોડેલ્સ દ્વારા એનિમિયાની તપાસ શકય બને તેવા ડેટા સેટના વિકાસ માટે એક રિસર્ચ પ્રોજેકટ સેવા રૂરલમાં ચાલી રહયો છે.
- આ પ્રોજેકટ અંતર્ગત કંજેકટાઈવા (આંખ), જીભ, નખના ફોટા તેમજ આંગળીનો વીડિયો લેવામાં આવે છે. આ તસવીરો અને વીડિયોની મદદથી, મોબાઈલ ફોન દ્વારા જ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો ઉપયોગ કરી, ભવિષ્યમાં હિમોગ્લોબિન લેવલ જાણી શકાય, તેવા હેતુથી આ અભ્યાસ ચાલી રહયો છે.
- આ પ્રોજેકટને રિપ્રેઝન્ટ કરવા માટે, સેવા રૂરલ તરફથી ડો.કૌશલભાઈ જેસલપુરાએ તા.૯ થી ૧૧ જુલાઈ ૨૦૨૫ દરમ્યાન કોલંબો (શ્રીલંકા) ખાતે યોજાયેલી " Reducing Anaemia in adolescent girls and women of south Asia " આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સમાં ભાગ લીધો હતો.
- તા.૧૧/૯/૨૦૨૫ ના રોજ વીટીવી ન્યુઝના 'હેલ્થ કોન્કલેવ અને ધન્વંતરિ સન્માન' ના નવતર પ્રયોગને આરોગ્ય પ્રધાનશ્રી ઋષિકેશ પટેલના હસ્તે ગુજરાતની જુદી જુદી ૯ સંસ્થાઓને તેમની આરોગ્ય સેવાઓને બિરદાવી હતી. આ એવોર્ડ સમારંભ અમદાવાદ ખાતે યોજાયો હતો. જેમાં સેવા રૂરલમાંથી દિલીપ પટેલ, જૈમિત રાવલ, કાંતિ આહીર, પરસોતમ આહીર, ઉજમ વસાવા અને દલસુખ વસાવા વિ. ગયેલ હતા. 'સરકારી સહકારી અને ખાનગી આરોગ્ય સંસ્થાઓને એક મંચ પર લાવવાનું ભગીરથ કાર્ય વીટીવી ન્યુઝે કર્યુ.



**શકિત જ જીવન છે,**
**નિર્બળતા એ મૃત્યુ છે.**
**શકિત આનંદરૂપ છે,**
**શાશ્વત અને અમર છે.**
**નિર્બળતા સતત બોજો**
**અને દુઃખ છે, મૃત્યુ છે.**

**સ્વામી વિવેકાનંદ**

| ક્રમ | તારીખ | ગામ | તાલુકો | વ્યકિતગત / સહયોગી સંસ્થા |
|---|---|---|---|---|
| ૧. | ૬/૭/૨૫ | વટારીયા | વાલીયા | શ્રી ગણેશ ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી લી. વટારીયાના સૌજન્યથી સ્વ. રતિલાલ હીરાલાલ શાહ ઉમલ્લાના સ્મરણાર્થે |
| ૨. | ૧૩/૭/૨૫ | અશા | ઝઘડિયા | દોશી ચંચળબેન શંકરલાલ અને શંકરલાલ રણછોડદાસ ટ્રસ્ટ ઉમલ્લા સ્વ. સુધાબેન અને સ્વ. અંબાલાલ દોશીના સ્મરણાર્થે |
| ૩. | ૨૦/૭/૨૫ | ધારોલી | ઝઘડિયા | અતુલ ફાઉન્ડેશન અંકલેશ્વરના સૌજન્યથી |
| ૪. | ૨૭/૭/૨૫ | આમલેથા | નાંદોદ | સેન્ચ્યુરી એન્કા લિમિટેડ – ઉમલ્લા (યુનિટ : રાજશ્રી પોલીફિલ) ના સૌજન્યથી |
| ૫. | ૩/૮/૨૫ | વાગરા | વાગરા | સ્વ. ભાઈલાલભાઈ પરસોતમભાઈ પટેલ વાગરાના સ્મરણાર્થે, સ્વ. છીતુભાઈ ગુલાબભાઈ પટેલ તથા પારસબેન છીતુભાઈ પટેલ કારેલાના સ્મરણાર્થે |
| ૬ | ૧૦/૮/૨૫ | કોલિયાપાડા | નેત્રંગ | દોશી ચંચળબેન શંકરલાલ અને શંકરલાલ રણછોડદાસ ટ્રસ્ટ – ઉમલ્લા સ્વ. સુધાબેન અને સ્વ. અંબાલાલ દોશીના સ્મરણાર્થે |
| ૭ | ૧૭/૮/૨૫ | રાજપારડી | ઝઘડિયા | સેન્ચ્યુરી એન્કા લિમિટેડ – ઉમલ્લા (યુનિટ : રાજશ્રી પોલીફિલ) ના સૌજન્યથી |
| ૮ | ૨૪/૮/૨૫ | ગુંદિયા | વાલીયા | અતુલ ફાઉન્ડેશન – અંકલેશ્વરના સૌજન્યથી |
| ૯ | ૩૧/૮/૨૫ | તલોદરા | ઝઘડિયા | ગેલેકસી સર્ફેકટન્ટસ લિમિટેડના સૌજન્યથી |
| ૧૦ | ૭/૯/૨૫ | સજોદ | અંકલેશ્વર | અતુલ ફાઉન્ડેશન – અંકલેશ્વરના સૌજન્યથી |
| ૧૧ | ૧૪/૯/૨૫ | જુનવદ | ગરૂડેશ્વર | સ્વ. મહાવીર પ્રસાદજી અને સીતાદેવી કનોડીયાની સ્મૃતિમાં હસ્તે – ગોપીચંદ કનોડીયા, સુરત |
| ૧૨ | ૨૧/૯/૨૫ | નબીપુર | ભરૂચ | HELP - Helping Every Living Person U.K.ના સહયોગથી |
| ૧૩ | ૨૮/૯/૨૫ | બિતાડા | નાંદોદ | સ્વ. હનુમાન પ્રસાદજી અને મનોહરીદેવી નકીપુરીયાની સ્મૃતિમાં હસ્તે – મોહનલાલ અને મમતાદેવી નકીપુરીયા, સુરત |

## કોમ્યુનીટી હેલ્થ પ્રોજેક્ટ (CHP)

- SNCU પ્રોજેક્ટ અંતર્ગત અત્યાર સુધીમાં ૨૦૧૮ થી સપ્ટે.૨૦૨૫ના સમયગાળા દરમ્યાન કુલ ૪૭૬૫ જેટલા બાળકોનું ફોલોઅપ કરવામાં આવ્યું. આ કાર્યક્રમ અંતર્ગત આપણે બાળકને NICU માંથી રજા આપ્યા બાદ બાળક ૫ (પાંચ) વર્ષનું થાય ત્યાં સુધી બાળકનું ફોલોઅપ કરવામાં આવે છે.
  - ૫ વર્ષ પુરા કરેલ બાળકો – ૯૧૪
  - અતિ કુપોષિત બાળકો – ૫૭
  - મધ્યમ કુપોષિત બાળકો – ૪૧૬
- SNCU પ્રોજેક્ટ અંતર્ગત ફિલ્ડમાં જોખમી બાળકોની મુલાકાત તથા RCH (માતૃ અને બાળસંભાળ) ની કામગીરી સમજવા ડો. ધીરેનભાઈ દ્વારા ૨૮/૦૭/૨૫ ના રોજ ડેડીયાપાડા તાલુકાના ગામડામાં જઈ તપાસ, સારવાર અને કાઉન્સેલીંગ કરવામાં આવ્યું તેમજ સુપરવાઈઝરને માર્ગદર્શન પુરુ પાડવામાં આવ્યું.
- SNCU પ્રોજેક્ટ અંતર્ગત સપ્ટેમ્બર ૨૦૨૫ ના માસથી અતિ કુપોષિત અને મધ્યમ કુપોષિત બાળકોનું ઘરે જઈ હિમોગ્લોબીનની તપાસ શરૂ કરવામાં આવી.
- તા. ૮/૭/૨૫ ના રોજ CHP વિભાગનું વાર્ષિક મુલ્યાંકન સંસ્થાના મુખ્ય કાર્યકરો સાથે કરવામાં આવ્યું. જેમાં ખાસ વર્ષ દરમ્યાન કરેલ કામગીરીની સમિક્ષા તેમજ વર્ષ દરમ્યાન પડેલ મુશ્કેલીઓની ચર્ચા કરવામાં આવી અને હવે પછી શું નવું કરીશું તેની ચર્ચા કરવામાં આવી.
- તા. ૫/૯/૨૫ ના રોજ CHP વિભાગના ૨૦ જેટલા સુપરવાઈઝરની કોમ્યુનીકેશન / બીહેવીઅર ચેન્જીસના વિષય પર ૧ દિવસની તાલીમ રાખવામાં આવી.
- ચાઈલ્ડ હેલ્થ પ્રોજેક્ટ અંતર્ગત ચાલતા સર્વેમાં ગોવાલી અને ગુંદીયા PHC ના ગામડાનો સર્વે પુરો કરવામાં આવ્યો. તા.૧૫/૯/૨૫ના રોજથી હવે બીજા ૨ PHC પાણેથા અને ડહેલી PHC ના ગામડાનો સર્વેની કામગીરી શરૂ કરવામાં આવશે. જેમાં ખાસ ૫ થી ૧૦ વર્ષના બાળકોનું કુપોષણનું સ્તર અને બાળકોની તકલીફ સંદર્ભે વિશેષ ભાર મુકવામાં આવેલ છે અને દરેક બાળકનું હીમોગ્લોબીનનું પ્રમાણ જાણવું તે માટે ઘરે જ બાળકનું હીમોગ્લોબીન કરવામાં આવે છે.
- સેવા રૂરલ દ્વારા વિવિધ સંસ્થાઓને માર્ગદર્શન અને મદદરૂપ થતા જ હોઈએ છીએ સંદર્ભે વલસાડ – અતુલમાં આવેલ અતુલ ફાઉન્ડેશન સંસ્થાને કિશોર – કિશોરી કાર્યક્રમ અને RCH ના કાર્યક્રમ માટે ડો. ધીરેનભાઈ અને ડો. પંકજભાઈ માર્ગદર્શન અને મદદરૂપ થઈ રહયા છે.
- સીકલસેલ પ્રોજેક્ટ અંતર્ગત વાલીયા તાલુકાના FHW / ANM (નર્સબેનો)ને ન્યુબોર્ન સીકલ સ્ક્રીનીંગ ફિલ્ડમાં કઈ રીતે કરી શકાય તે સંદર્ભે સેવા રૂરલ ખાતે તાલીમ આપવામાં આવી અને બાળકોના ટેસ્ટીંગ કરવા માટેની કીટ આપવામાં આવી.
- તા. ૧૦ અને ૧૧ સપ્ટે. ૨૦૨૫ ના રોજ ડો. કપીલભાઈ દહાણું (મુંબઈ) ખાતે આવેલ ICMR ના સેન્ટર ખાતે રૂરલ એન્ડ ટ્રાઈબલ હેલ્થ સીમ્પોનીયમમાં પેનાલીસ્ટ તરીકે જોડાયા હતા.
- તા.૧૧/૯/૨૫ ના રોજ ગાંધીનગર ખાતે શ્રી

રામકૃષ્ણ નોલેજ ફાઉન્ડેશન તથા ગેટ્સ ફાઉન્ડેશન સાથે કુપોષણ પ્રોજેકટ સંદર્ભે ચર્ચા કરવા સેવા રૂરલમાંથી ડો. ધીરેનભાઈ મોદી જોડાયા હતા.

- ગુજરાત સરકાર દ્વારા આરોગ્ય વિભાગમાં Public Health & મેડીકલ કોલેજમાં ચાલતી Best Practice નો Review કરવા માટે ડો. ધીરેનભાઈ મોદીની જ્યુરી મેમ્બર તરીકે પસંદગી કરવામાં આવી હતી.
- ગુજરાત સરકાર દ્વારા સ્ટેટ રીવ્યુ મિશન (SRM) હેઠળ ભરૂચ જીલ્લો અને રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં સ્ટેટ મોનીટરીંગ ટીમ સાથે સેવા રૂરલથી ડો. ધિરેનભાઈ મોદી અને ડો. કપિલભાઈ દવે જોડાયા હતા.
- તા. ૧૧/૮/૨૫ ના રોજ IIT, મુંબઈ ખાતે ટ્રાઈબલ વિભાગ દ્વારા મહારાષ્ટ્રના આદિવાસી સમાજના આરોગ્ય અંગે વધારે શું કરી શકાય તે માટે સેવા રૂરલમાંથી ડો. ધીરનેભાઈ મોદીને આમંત્રિત કરવામાં આવ્યા હતા.
- તા. ૩૦/૮/૨૫ ના રોજ અમદાવાદ સ્થિત Tresna Foundation ના સલાહકાર તરીકે ડો. ધીરનેભાઈ મોદીએ હાજરી આપી હતી.
- તા.૧૩ અને ૧૪ સપ્ટે. ના રોજ CHP વિભાગની સર્વાંગી પ્રાથમિક આરોગ્ય સંભાળ કાર્યક્રમની સલાહકાર સમિતિની યોજાઈ. સમિતિની માં તજજ્ઞ ડોકટર શ્રીધરભાઈ, ડો.પવિત્રભાઈ, ડો.શ્યામભાઈ અને ડો.સોમેનભાઈ એ પ્રોજેકટના વિવિધ પાસાઓનું મુલ્યાંકન કરીને સૂચનો આપ્યા. આ આવેલ સૂચનો પ્રોજેકટને હજુ અસરકારક બનાવવામાં ઉપયોગી થશે.
- તા. ૨૬/૯/૨૫ના રોજ CHP વિભાગની સ્ટાફ મિટિંગ ડેડીયાપાડાના 'સગાઈ' ગામે રાખવામાં આવી. જેમાં સ્ટાફના ૪૫ કાર્યકર જોડાયા. આ નો મુખ્ય આશય કાર્યકરો એકબીજાની વધુ નજીક આવે અને ટીમવર્કની ભાવના વધુ મજબૂત થાય એ હતો. જેમાં ખાસ સેવા રૂરલના વિઝન મિશન અને યુનિકતા શું છે. તેમજ હવે પછી નવું શું કરીશું એ સંદર્ભે ચર્ચા કરવામાં આવી.

## કિશોર કિશોરી જાગૃતિ કાર્યક્રમ :

**શિક્ષક :** ૧૨ જુલાઈ ૨૦૨૫ ના રોજ કાર્ય વિસ્તારની ૧૧ પ્રાથમિક શાળાઓના ૧૮ શિક્ષક ભાઈઓ બહેનો સાથે સંકલન મિટિંગ થઈ.જેમાં એડોલેસન્ટ કાર્યક્રમની આંકડાકીય માહિતી, જોખમી કિશોર કિશોરીની માહિતી આપી ચર્ચા કરી."જીવન ઘડતર" નવો પોગ્રામ શરૂ કરી રહયા છીએ તે વિશે વાત કરી. મિટિંગમા બે પીયર એજયુકેટરે આવી પોતાની કામગીરી વિશે આત્મવિશ્વાસ પુર્વક રજુઆત કરી. બાકી રહેલ શાળાના શિક્ષકો સાથે ૧૮ ઓગષ્ટ ના રોજ ઓનલાઈન મિટિંગ કરી.

**પીયર એજયુકેટર મિટિંગ :** ૨૯ જુલાઈ અને ૨ ઓગષ્ટ ૨૦૨૫ બે દિવસ ત્રણ સ્થળ (ડહેલી – શાળા,અશા નિર્લોભિ આશ્રમ,હેલ્થ ટ્રેનીગ સેન્ટર ગુમાનદેવ) પર પીયર એજયુકેટર મિટિંગ કરી.આવેલ ૧૩૭ પીયર એજયુકેટરોને પીયર એજયુકેરટની ભૂમિકા,રજીસ્ટરકેવી રીતે નિભાવવું, આત્મવિશ્વાસ કેવી રીતે કેળવી શકાય તે વિષય લેવામાં આવ્યા.

**લખીગામ આરોગ્ય શિક્ષણ કાર્યક્રમ :** ૧૩ ઓગષ્ટ ના રોજ વાગરા તાલુકાના જાગેશ્વર અને લુવારા પ્રાથમિક શાળામાં વ્યક્તિગત સ્વચ્છતાની વાત કરી. જાગેશ્વર શાળામાં ૨૬ નંગ અને લખીગામ માધ્યમિક શાળામાં ૭૪ નંગ માસિક સ્વચ્છતા કીટ આપી. પ્રજનનતંત્ર માસિક ગર્ભધારણ સેશન લીધું ૨૩૨ વિદ્યાર્થીઓએ આ પ્રવૃત્તિનો લાભ લીધો. ૧૪ ઓગષ્ટ ૨૦૨૫ ના રોજ લુવારા અને જાગેશ્વર આંગણવાડી સેન્ટર પર માસિક સ્વચ્છતા કોર્નર ગોઠવી હાજર ૨૭ બહેનોને માસિક દરમ્યાનની સ્વચ્છતા અને વિવિધ શોષક, પ્રજનનતંત્ર વિશે સમજ આપી.

**વૃક્ષારોપણ માટે...** ઓગષ્ટ માસમાં શાળા પ્રમાણે પીયર એજયુકેટરને શાકભાજી માટેના બિયારણના ૧૦૦ જેટલા પેકેટ ઘરે રોપવા અને શાળામાં રોપવા માટે આપ્યા.

## તાલીમ કેન્દ્ર સમાચાર :

### અન્ય સંસ્થા તાલીમ :

- **ઉત્થાન – વાલીયા :** તારીખ ૨૩,૨૪,૨૬ જુલાઈ ૨૦૨૫ ઉત્થાન સંસ્થાના વાલીયા પ્રોજેકટના ૭૯ કિશોરીઓ અને બહેનો સાથે કિશોરાવસ્થાના ફેરફાર,માનસિક સ્વાસ્થ્ય, સોશ્યલમિડિયાનો ઉપયોગ વિષય પર જાણકારી આપી.

**ઈનહાઉસ તાલીમ :**

- **નવા કાર્યકર વર્કશોપ :** ૧૮ જુલાઈ ૨૦૨૫ ના રોજ ૩૦ નવા કાર્યકર ભાઈઓ બહેનો સાથે વર્કશોપ કર્યો.સંસ્થાના વિભાગોની મુલાકાત કરી. કેસસ્ટડી અને તે વિભાગની ઘનિષ્ઠ માહિતી મેળવી. પરિવાર ભાવના, આધ્યાત્મિક દ્રષ્ટિકોણની બાબતો જે સંસ્થાને અન્ય સંસ્થાથી યુનિક બનાવે છે વિશે પણ ચર્ચા કરી.
- **કોઓર્ડીનેશન વર્કશોપ :** ૨૫,૨૬ જુલાઈ ૨૦૨૫ દરમ્યાન કોઓર્ડીનેશન વર્કશોપ યોજવામાં આવ્યો. નજીકના સમયમાં આવનાર ફેરફાર અને તેની આપણાં પર અસર,બચત – SIP, Mutualfund,૪૫ વર્ષ પૂર્ણ ગ્રુપચર્ચા, ટ્રસ્ટ બટ વેરીફાઈ વિષયો પર બંકીમભાઈ, ધીરેનભાઈ, ડો.પંકજભાઈ, ડો.ગાયત્રીબેને ચર્ચા કરાવી.
- **કોમ્યુનીકેશન વર્કશોપ :** ૨૭ સપ્ટેમ્બર ૨૦૨૫ ના રોજ સેવા રૂરલના વિવિધ આઠ વિભાગોમાંથી ૩૮ કાર્યકર ભાઈઓ, બહેનો અને ઈન્ટર્ન ડોકટર્સ સાથે કોમ્યુનીકેશન એટલે શુ? તેના પ્રકાર, બિહેવીયર ચેન્જ કોમ્યુનીકેશન,કોમ્યુનીકેશનમાં આવતા અવરોધો,સાંભળવાની કળા વિષય પર વર્કશોપ કર્યો. સ્વજાગૃતિ માટેની વિવિધ એકટીવીટી, રોલપ્લે વગેરે પાવર પોઈન્ટ અને કાર્યકરોની સહભાગીતાથી વર્કશોપ સુંદર રીતે પૂર્ણ કર્યો.
- **સ્તનપાન સપ્તાહની ઉજવણી :** ૫ ઓગષ્ટના રોજ સેવા રૂરલ હોસ્પિટલમાં જુદા જુદા ૪ વોર્ડમાં ૨૦૦ જેટલા સગર્ભા,ધાત્રી બહેનોને અને સગા સાથે સ્તનપાન કરાવવાની રીત, સ્તનપાનનું મહત્વ વિષય પર નર્સીગ તાલીમાર્થી બહેનોએ રોલપ્લે અને પોસ્ટરથી સમજાવ્યુ.

- **નર્સીંગ આસીસ્ટન્ટ IMNCI તાલીમ :** ૩૦ ઓગષ્ટથી ૪ સપ્ટેમ્બર ૨૦૨૫ દરમ્યાન નર્સીંગ આસીસ્ટન્ટ નવી બેચના ૧૯ તાલીમાર્થીઓને નવજાત શીશું સંભાળ અને બાળપણની માંદગીની સર્વાંગી સારવારની (IMNCI) તાલીમ આપી.

  **વિઝિટર્સ :** તારીખ ૯ સપ્ટેમ્બર ૨૦૨૫ ના રોજ " કોસ્ટલ સેલીનીટી પ્રિવેન્સન સેલ – અમદાવાદ " સંસ્થામાંથી સિનિયર લેવલના બે કાર્યકરભાઈ બહેનોએ સંસ્થાની મુલાકાત લીધી. માસિક સ્વચ્છતા વ્યવસ્થાપન સંદર્ભે સેવા રૂરલની કામગીરી અને માસિક સ્વચ્છતા કોર્નરની ફિલ્ડ વિઝિટ કરી.

## સ્વરક્ષણ તાલીમ :

- ૧૯ જુલાઈ ૨૦૨૫ ના રોજ પીપળીપાન ગામના ગ્રામ્ય કક્ષાએ ચાલતા બ્યુટીપાર્લર અને શિવણના ૨૪ તાલીમાર્થી બહેનોને જાતીય સતામણી એટલે શુ ? સોશ્યલ મિડિયાનો ઉપયોગ વખતે શુ ંધ્યાનમાં રાખવું આવશ્યક છે તેની ચર્ચા કરી.
- ૨૬ થી ૨૮ ઓગષ્ટ ૨૦૨૫ નર્સીંગ આસીસ્ટન્ટ ૧૭ તાલીમાર્થીઓને ત્રણ દિવસની સ્વરક્ષણ તાલીમ આપી.
- **જાતિય સતામણી વિરોધિ સમિતિ મિટિંગ :** તારીખ ૧૦ સપ્ટેમ્બર ૨૦૨૫ ના રોજ સેવા રૂરલ જાતીય સતામણી વિરોધી સમિતિની મિટિંગમાં ૧૧ સભ્યો જોડાયા.સંસ્થામાં બહેનો માટે સુરક્ષિત સુયોગ્ય વાતાવરણ જળવાઈ રહે ,કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે સભ્યો પ્રયત્નશીલ છે.સમિતિમાં ચર્ચા થયા પ્રમાણે વિવિધ સ્તરના સ્ટુડન્ટ આપણે ત્યાં પ્લેસમેન્ટમાં આવી લાંબો સમય રહેતા હોય તેમની સાથે જાતીય સતામણી અને સંસ્થાની પોલીસીની માહિતી આપવા ઈન્ડકશનમાં તેઓને જાણકારી આપવી તથા સમિતિ સભ્યોની તાલીમ વગેરે આયોજન સંદર્ભે ચર્ચા કરી.
- **નર્સીંગ સ્ટાફ :** તારીખ ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૫ ના રોજ સેવા રૂરલ ૩૧ નર્સીંગ સ્ટાફ બહેનો સાથે જાતીય સતામણી એટલે શું ? અને બહેનોએ બચાવ કરવા શું કરી શકે તે વિશે જાણકારી આપી.

## વિવેકાનંદ ગ્રામીણ ટેકનીકી કેન્દ્ર :

### સ્ટુડન્ટ સેશન :

- સરકારી આઈ.ટી.આઈ માંથી એડવાન્સ તાલીમ લેવા આવેલ ૧૪ વિદ્યાર્થીઓ જોડે "વ્યસન" વિષય પર સેશન લીધું.
- ૮ સપ્ટેમ્બર ૨૦૨૫ ના રોજ નવી બેચના ૨૦૦ વિદ્યાર્થીઓને ઓરીયેન્ટેશનનાં ભાગ રૂપે તરૂણાવસ્થાના મહત્વ વિશે સમજ આપી.

**નર્સીંગ આસીસ્ટન સ્ટુડન્ટ :** ૪ સપ્ટેમ્બર ૨૦૨૫ ના રોજ ૧૯ નર્સીંગના વિદ્યાર્થીઓ સાથે કોમ્યુનીકેશન અને પ્રજનનતંત્ર, માસિક ગર્ભધારણ અને માસિક સ્વચ્છતા કોર્નર વિશે જાણકારી આપી.

**સીકેજી સ્કુલ, ગોવાલી જાગૃતિ આરોગ્ય અવેરનેસ કાર્યક્રમ :** ૪ અને ૧૧ જુલાઈ ૨૦૨૫ ના રોજ ગોવાલી શાળાના ધોરણ ૬ અને ૭ના વિદ્યાર્થીઓ સાથે પોષક આહાર વિશે વિડિયો અને વાનગી નિદર્શનથી સમજ આપી. આ પ્રવૃત્તિનો ૪૦ બાળકોએ લાભ લીધો.

## કાર્યકરોનો સ્વવિકાસ :

- **એડોલેસન્ટ વિભાગીય સેફટી તાલીમ :** તારીખ ૧૨ સપ્ટેમ્બર ૨૦૨૫ ના રોજ સવારે ૯.૦૦ થી ૧૦.૩૦ દરમ્યાન એડોલેસન્ટ વિભાગમાં ૯ કાર્યકર ભાઈઓ બહેનોએ આગ અને સેફટી વિશે તાલીમ આપી.લાઈટ સ્વીચ બોર્ડ, ફાયર બોટલનો ઉપયોગ વગેરે તથા વિભાગમાં જે તે સ્થળે આગ લાગે તો શું પગલાં લેવા તે વિશે સમજ આપી.
- **ચારીત્ર્ય ઘડતર :** સ્વવિકાસ અને ચારીત્ર્ય ઘડતર માટે સ્વવિકાસની તાલીમ પામેલ કાર્યકર ભાઈઓ બહેનોએ અન્ય વિભાગના વિવિધ તબક્કાના ૧૭૯ કાર્યકરભાઈઓ બહેનો સાથે "મારૂ જીવન મારી પસંદગી" પર વાત કરી આંતરખોજની દિશા બતાવી.

## વિવેકાનંદ ગ્રામીણ ટેકનીકી કેન્દ્ર :

### સમાચાર

- તા.૧/૭/૨૫ ના રોજ વિજીટીકેના બધા જ ટ્રેડના તાલીમાર્થીઓને જુલાઈ અને ઓગષ્ટ – ૨૦૨૫ બે મહિના માટે ઈન્ડસ્ટ્રીઝ તાલીમમાં મૂકવામાં આવ્યા. જેમાં ૧૯૧ તાલીમાર્થીઓને ૫૯ ઈન્ડસ્ટ્રીઝમાં મૂકવામાં આવ્યા.

| ક્રમ | સ્થળ | તાલીમાર્થીઓ | ઈન્ડસ્ટ્રીઝ |
|---|---|---|---|
| ૧ | અંકલેશ્વર | ૧૦૫ | ૩૩ |
| ૨ | ભરૂચ | ૫૨ | ૨૧ |
| ૩ | ઝઘડિયા | ૨૬ | ૦૪ |
| ૪ | વિજીટીકે | ૦૮ | ૦૧ |
| | કુલ | ૧૯૧ | ૫૯ |

- તા.૧૫/૮/૨૫ ના રોજ ૭૯મો સ્વતંત્રતા દિવસની ઉજવણી વિજીટીકેમાં રેણુકાબેન વસાવા (એકાઉન્ટ વિભાગ)ના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું. જેમાં વિજીટીકેનો સ્ટાફ અને ચાલુ બેચના તાલીમાર્થીઓ જોડાયા હતા.
- તા. ૧/૯/૨૫ ના રોજ ૨૦૨ તાલીમાર્થીઓના પ્રવેશ સાથે વિજીટીકે બેચ નં.૪૧ની શરૂઆત કરવામાં આવી. બેચની શરૂઆત પ્રવેશોત્સવ અને વાલી મિટિંગથી કરવામાં આવી. આ પ્રસંગે રામકૃષ્ણ મીશન વડોદરાથી અનંતતરાનંદજી મહારાજ ખાસ ઉપસ્થિત રહયા હતા.
- તા.૨૫/૯/૨૫ ના રોજ અંકલેશ્વર સરકારી ITI ના ૧૪ તાલીમાર્થીઓને સવારે પ્રવાસના ભાગરૂપે કડિયાડુંગર (બૌધ્ધ ગુફા) લઈ જવામાં આવ્યા હતા અને બપોર પછી ઈન્ડસ્ટ્રીઝ વિઝિટ માટે અંકલેશ્વરમાં ગાલીયાકોટવાલ અને ઈ.ટી.એલ (ETL)માં લઈ જવામાં આવ્યા હતા. જયાં તેમને વિવિધ પ્રકારના વેલ્ડીંગ, લેથ મશીન, કુલીંગ ટાવર, પ્રદુષિત પાણીને સારવાર આપી શુધ્ધ કરવું અને લેબોરેટરીના વિવિધ પેરામીટર વિશે માહિતી મેળવી.
- તા.૧૧/૯/૨૫ ના રોજ અંકલેશ્વર સરકારી ITI ના ૧૪ તાલીમાર્થીઓને ટેકનીકલ પ્રવાસના ભાગરૂપે સરદાર સરોવર ડેમની મુલાકાત લેવામાં આવી. જેમાં વીજળીનું ઉત્પાદન ટર્બાઈનથી કેવી રીતે થાય છે તેની માહિતી મેળવી. આ ઉપરાંત સરદાર સરોવર ડેમનું પાણી નહેર દ્વારા કેટલી જગ્યાએ પહોંચે છે અને વીજળીની વહેંચણી કયા કયા

રાજયોમાં કરવામાં આવે છે તેની માહિતી મેળવવામાં આવી.

- તા.૧૯/૯/૨૫ના રોજ અંકલેશ્વર સરકારી ITI ના ૧૪ તાલીમાર્થીઓના "સર્ટીફિકેટ વિતરણ"નો કાર્યક્રમ અંકલેશ્વર ITI ના કોન્ફરન્સ રૂમમાં રાખવામાં આવેલ જેમાં ITI ના પ્રિન્સીપાલશ્રી, તેમના સ્ટાફ મિત્રો, વિદ્યાર્થીઓ, ડી.સી.એમ (DCM) ઈન્ડસ્ટ્રીઝના પ્રતિનિધી અને વિજીટીકેના સ્ટાફ મિત્રો જોડાયા હતા.
- તા.૨૧/૯/૨૫ ના રોજ રામકૃષ્ણ આશ્રમ રાજકોટથી આવેલ શ્રી મેઘજાનંદજી અને જ્ઞાનગમ્યાનંદજી મહારાજ દ્વારા તાલીમાર્થીઓ સાથે લેકચર લેવામાં આવ્યું. જેમાં તેમને તાલીમાર્થીઓને વ્યસનથી મુકત રહેવું, વ્યસનના ગેરફાયદા અને વ્યસનથી મુકત રહેવાના ઉપાયો વિશે માહિતી મેળવી.
- તા.૨૨/૯/૨૫ થી તા.૦૧/૧૦/૨૫ ના રોજ વિજીટીકે કેમ્પસમાં નવરાત્રી પર્વની ઉજવણી કરવામાં આવી. જેમાં તાલીમાર્થીઓ, વિજીટીકેનો સ્ટાફ અને સેવા રૂરલનો સ્ટાફ જોડાયો હતો.
- તા.૨૩/૯/૨૫ ના રોજ વિજીટીકે બેચ નં.૪૦નું વાર્ષિક મૂલ્યાંકન રાખવામાં આવેલ જેમાં સેવા રૂરલનો સ્ટાફ અને વિજીટીકેનો સ્ટાફ જોડાયો હતો.
- તા.૨૪/૯/૨૫ ના રોજ મીરીન્ડા ટુલ્સ અંકલેશ્વરથી આવેલ શ્રી મનિષભાઈ અને પાટીલભાઈ દ્વારા મશીનિષ્ટ ટ્રેડના તાલીમાર્થીઓ સાથે ટેકનીકલ લેકચર લેવામાં આવ્યું. જેમાં તેમને વિવિધ પ્રકારની મશીનરી અને ઈન્ડસ્ટ્રીઝમાં આવી રહેલા વિવિધ ફેરફારો વિશે માહિતી આપી.
- તા.૨૫/૯/૨૫ ના રોજ નારાયણ વિદ્યાવિહાર ભરૂચ અને પૂર્વાલાપ ફાઉન્ડેશનના સંયુકત ઉપક્રમે "કવિકાંત" ફિલ્મ દર્શનનો કાર્યક્રમ નારાયણ વિદ્યાવિહાર શાળા ભરૂચમાં રાખવામાં આવેલ જેમાં વિજીટીકેમાંથી મનિષભાઈ ચૌહાણ અને રાજેન્દ્રભાઈ પારેખ જોડાયા હતા. જેમાં મધુર કોમલ કાન્ત પદાવલીના માધુર્ય કવિ મણીશંકર રત્નજી ભટ્ટ (કવિકાન્ત)ના જીવનની સ્મૃતિઓનું દર્શન ડોકયુમેન્ટરી ફિલ્મ દ્વારા કરવામાં આવ્યું.

## બેચ. નં:૪૦ નો પદવીદાન સમારંભ યોજાયો

૪૦ મી બેચના વિદ્યાર્થીઓનો પદવીદાન સમારંભ તા.૨૮/૮/૨૦૨૫ ના રોજ યોજાયો. જુદા જુદા ટ્રેડના ૧૯૦ થી વધારે વિદ્યાર્થીનીઓએ ૧ વર્ષની ટેકનિકલ તાલીમ સફળતાપૂર્વક પુરી કરી. સંસ્થા દ્વારા જુદી જુદી કંપનીમાં નોકરીની શરૂઆત આ તમામ વિદ્યાર્થીઓ ૧/૧૦/૨૦૨૫ થી કરશે.

આ કાર્યક્રમમાં આદિજાતિ વિકાસ વિભાગ, ભરૂચના પ્રાયોજના વહીવટદારશ્રી કુ. નીશા ચૌધરી IAS મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહયા હતા અને વિદ્યાર્થીઓને જીવન ઉપયોગી ઉત્તમ માર્ગદર્શન આપ્યુ હતું.

આજુ બાજુના ઉદ્યોગોમાંથી પધારેલ મહાનુભાવોએ વિદ્યાર્થીઓની તાલીમ બાબતે પોતાનો ખૂબ જ સુંદર પ્રતિભાવ આપ્યો હતો.

# શારદા મહિલા વિકાસ સોસાયટી

## વહીવટી સંચાલન :

- કારોબારી કમિટિમાં એપ્રિલ થી જુલાઈ બે માસની આર્થિક પ્રવૃતિનું પ્રેઝનટેશન, એપ્રિલ થી સપ્ટેમ્બર બાળ કેળવણી વિભાગની પ્રવૃતિઓનું પ્રેઝનટેશન તેમજ મહિલા જાગૃતિ શિબિરનું વાર્ષિક પ્લાનિંગ કરવામાં આવ્યું.

## મહિલા જાગૃતિ કાર્યક્રમ :

- તા.૨૪ જુલાઈના રોજ ભરૂચ થી ડો. કિન્નરીબહેન અમીને એન્ટપ્રેન્યોરશીપ (ઉદ્યોગ સાહસિકતા) વિશે વાત કરી. ટેકનીકલ સ્કીલ સાથે સોફ્ટ સ્કીલ જેવી કે વાણી–વર્તન, લીડરશીપ, ટીમવર્ક, કોમ્યુનીકેશન વિ. પણ જરૂરી છે એ સમજાવ્યું.
- તા.૩૦ ઓગષ્ટના રોજ 'અંતાક્ષરી'ની હરિફાઈ રાખી. જેમાં ગારમેન્ટ સહયોગી, સિવણ – બ્યુટીપાર્લરની તાલીમાર્થી બહેનોમાંથી પાંચ ગૃપ બનાવ્યા હતા. વિજેતાગૃપને ઈનામ આપવામાં આવ્યા.
- તા.૨૯મી સપ્ટેમ્બરે પુરુષસત્તા સમાજમાં નારીવાદી નેતૃત્વ કેવી રીતે થઈ શકે તેની વીડિયો કલીપ દ્વારા સમજ આપી. નાના – નાના નિર્ણયો અને થોડા બદલાવથી અસરકારક નેતૃત્વ મેળવી શકાય છે એવી ચર્ચા કરી.

## નાસ્તા વિભાગ :

- વિજીટીકે – ગુમાનદેવ, વિદ્યાર્થીઓને અઠવાડિયામાં ત્રણ દિવસ સુકો નાસ્તો આપવાનું ચાલુ કર્યું.
- નાસ્તા વિભાગમાં સપ્ટેમ્બર' ૨૦૨૫થી નવા ચાર બહેનો જોડાયા.
- દર સોમવારે સવારે ૫.૩૦ વાગ્યે આંખ વિભાગમાં ઓપરેશનવાળા દર્દીને નાસ્તો આપવાનું શરૂ કર્યું.

## બ્યુટીપાર્લર :

- જુલાઈ ૨૦૨૫માં બ્યુટી પાર્લરની ૧૩મી બેચ પૂરી થઈ. તાલીમ પૂરી કરેલ ૨૪ તાલીમાર્થી બહેનોએ ગર્વમેન્ટ પરીક્ષા આપી. બધાં જ બહેનોએ આ પરીક્ષા સફળતાપૂર્વક પાસ કરી. આ તાલીમાર્થી બહેનોને સર્ટીફીકેટ સાથે સ્ટાર્ટઅપ કીટ આપવામાં આવી.
- સપ્ટેમ્બર માસમાં બ્યુટી પાર્લરમાં નવો એડવાન્સ કોર્ષ શરૂ કરવામાં માટે બહેનો સાથે મિટિંગ કરી. જેમાં એડવાન્સ કોર્ષનું સીલેબસ, ફી વિ.ની વાત કરી. ઓકટોબર' ૨૦૨૫થી આ કોર્ષની શરૂઆત થશે.

## ગ્રામ્ય સ્તરે તાલીમવર્ગ :

- તા.૧૧ ઓગષ્ટ ૨૦૨૫ના રોજ ઝઘડિયા તાલુકાનાં પીપલપાન ગામમાં સીવણ અને બ્યુટીપાર્લર તાલીમ વર્ગોની પૂર્ણાહૂતી કરી. ૧૨ બ્યુટીપાર્લરની અને ૧૬ સીવણ તાલીમાની બહેનોએ તાલીમ પૂરી કરી.

  પૂર્ણાહૂતી સમયે બ્યુટી પાર્લરની બહેનોને સ્ટાર્ટઅપ કીટ અને સિવણની બહેનોને મશીન આપવામાં આવ્યા.

  હાલમાં ઉચ્છબ ગામમાં ૩૭, શીર ગામમાં ૩૯ અને વલા (ફકત બ્યુટી પાર્લર) ૨૦ તાલીમાર્થી બહેનો તાલીમ લઈ રહયા છે.

## ટયુટોરિયલ વિભાગ :

- તા.૩/૭/૨૦૨૫ ને ગુરૂવારના રોજ ટયુટોરિલના બાળકોનો પ્રવેશોત્સવ કાર્યક્રમ રાખ્યો. જેમાં મહેમાન તરીકે કોકીલાબેન પંડયા, સુધાબેન વડગામા, બ્રાન્ચશાળાના રિટાર્યડ શિક્ષક કંચનબહેન અને હિતેશભાઈ ઉપરાંત સેવા રૂરલ સ્ટાફમાંથી વિક્રમસિંહ વાંસદીયા, વિનોદભાઈ હાજર રહયા હતા.
- તા.૫/૭/૨૦૨૫ ને શનિવારના રોજ ટયુટોરિયલમાં ગૌરીવ્રતની ઉજવણી રૂપે શિક્ષિકાબહેનો દ્વારા તેનું મહત્વ સમજાવવામાં આવ્યું. શારદા મહિલા વિકાસ સોસાયટીમાં ચાલતા બ્યુટી પાર્લર કોર્ષની બહેનોએ ટયુટોરિયલ બાળકીઓને સુંદર મહેંદી મુકી આપી.
- તા.૮/૮/૨૦૨૫ ને શુક્રવારના રોજ ટયુટોરિયલના બાળકો સાથે રક્ષાબંધનની ઉજવણી કરવામાં આવી. ટયુટોરિયલની બાળાઓએ છોકરાઓના હાથ પર રાખડી બાંધી મોં મીઠું કરાવી ઉજવણી કરી.
- તા.૧૪/૮/૨૦૨૫ને ગુરૂવારના રોજ સ્વાતંત્ર્યદિનની ઉજવણી નિમિત્તે ટયુટોરિયલના ધોરણ ૫ થી ૯ ના ભાગ લીધેલા બાળકોએ દેશ ભકિતના ગીત અને ૧૫મી ઓગષ્ટ વિશે નિબંધ બોલી ઉજવણી કરી. ભાગ લીધેલા બાળકોને પ્રોત્સાહિત ઈનામ આપવામાં આવ્યા.
- તા.૫/૯/૨૦૨૫ને શુક્રવારના રોજ ડો.સર્વપલ્લી રાધાકૃષ્ણનની જન્મ જયંતિ નિમિત્તે ટયુટોરિયલના બાળકોએ શિક્ષકદિનની ઉજવણી કરી. બાળશિક્ષકોએ જ પ્રાર્થના પ્રવૃતિ કરાવી, કલાસ સંભાળ્યા, હાજરી જેવા કામકાજ ઉત્સાહભેર કર્યા. આમ બાળકમાં આત્મવિશ્વાસનો વધારો થઈ શકે તે હેતુથી ઉજવણી કરાવી.
- તા.૨૬/૯/૨૦૨૫ને શુક્રવારના રોજ ટયુટોરિયલ બાળકો સાથે નવરાત્રીની ઉજવણી કરી. પ્રાર્થના પ્રવૃતિ દરમ્યાન નવરાત્રી એટલે શું ? શા માટે ઉજવીએ છીએ? તેનો એક ગરબો ગવડાવ્યો. ટયુટોરિયલના મેદાનમાં બધા બાળકો, ટયુટોરિયલ સ્ટાફ અને એસ.આર. માંથી થોડા સ્ટાફ આવ્યા તેમની સાથે ગરબા રમી પ્રસાદ લઈને ઉત્સાહભેર ઉજવણી કરી.

## ગ્રામ્યસ્તરે વર્ગ :

- ઝઘડિયામાં ટયુટોરિયલ વર્ગો ચાલે છે પણ ગ્રામ્યસ્તરે બાળકોને લાભ મળે એ હેતુથી તા.૫/૭/૨૦૨૫ ના રોજ ગામ મોરણમાં ગ્રામ્યસ્તરે વર્ગ શરૂ કર્યા. ઉદ્‌ઘાટનમાં ટયુટોરિયલ સ્ટાફ અને સેવા રૂરલમાંથી મયંકભાઈ તેમજ પ્રા.શા.ના આચાર્ય અને વાલીઓ હાજર રહયા.

## હરતી ફરતી શાળા :

- ગ્રામ્યસ્તરે અભ્યાસકીય પ્રવૃતિ સાથે અન્ય પ્રવૃતિ કરાવીએ છીએ જેમાં નવી લીધેલ પ્રા.શાળાઓમાં ઊનમાંથી રાખડી કઈ રીતે બનાવી શકાય તે શિક્ષકોના માર્ગદર્શન હેઠળ આ પ્રવૃતિ કરાવવામાં આવી. જેમાં ગ્રામ્યસ્તરના શિક્ષકોએ પણ સારો સહકાર આપ્યો.

## ગારમેન્ટ વિભાગ

### સ્થાનિક સિવણ તાલીમ વર્ગો :

- દરેક બહેનોને હાઈસ્પીડ મશીનની તાલીમ આપી અને નવુ એમ્બ્રોઈડરી મશીન લાવ્યા. જેના પર પણ એમ્બ્રોઈડરીની, ફોલ સ્ટીચની તાલીમ આપવામાં આવી.
- તા.૩૧/૭/૨૫ના રોજ દરેક બહેનોને સિલાઈ મશીન અને સર્ટીફીકેટ આપવામાં આવ્યા.
- તા.૧૧/૮/૨૫ ના રોજ ૩૮ બહેનોએ ગર્વમેન્ટની પરીક્ષા આપી.

**બેચ નં.૪૯,૫૦**

- તા.૧/૮/૨૫ થી નવી બેચ શરૂ થઈ ૪૨ બહેનોની તાલીમ શરૂ થઈ.
- દરેક બહેનોનું હેલ્થ ચેકઅપ સેવા રૂરલ હોસ્પિટલમાં કરાવવામાં આવ્યું.
- તા.૪/૮/૨૫ અને તા.૬/૮/૨૫ના રોજ ૩૦ બહેનોએ સ્વરક્ષણની તાલીમ લીધી.
- બધી જ બહેનોની જનતા એકસીડન્ટ પોલિસી પણ લેવામાં આવી છે.

## ગારમેન્ટ વિભાગ :

- ત્રણ માસ દરમ્યાન ૪૪ બહેનોએ ભેગા મળી સિલાઈકામ કર્યું. રૂા.૮.૮૨ લાખની રોજગારી ચૂકવેલ છે.
- સેવા રૂરલ હોસ્પિટલમાં ડિલીવરી બહેનોને તા.૧/૭/૨૫ થી મોટી મમતાકીટ આપવાની શરૂ કરી. માતા અને બાળકને સારી સુવિધા મળી અને સહયોગી બહેનોને કામ મળયું.
- તા.૨૧/૮/૨૫ ના રોજ ૩૭ સહયોગી બહેનો સાથે સિલાઈકામની અલગ અલગ વસ્તુઓ બનાવવાની સ્પર્ધા રાખવામાં આવી. જેમાં બહેનોએ નવી નવી આઈટમો / વસ્તુઓ બનાવી.

## મિત્રોની નજરે

**સ્નેહીશ્રી,**
**બંકિમભાઈ**

સૌ કુશળ હશો જ !

"સેવા રૂરલ" નો અંક ૧ વર્ષ ૨૦૨૫ – ૨૬ મળ્યો. વાંચી આનંદ અનુભવ્યો. 'વિવેકાનંદના પત્રોમાંથી' અને સંશોધનની એરણે અંતર્ગત 'સંપૂર્ણ સ્વાસ્થય' વિશેષ ગમ્યા.

નાનાઓની મોટાઈ અને ભૂલ સ્વીકાર બંને વાંચી. હરખ – હર્ષ તો સૌને થાય, પણ એ સવિશેષ સ્પર્શી ગયું.

અમારે મન જ ગાંધીજી પ્રેરિત સાચી કેળવણી છે. આરોગ્ય ક્ષેત્રે તમે સૌએ નામના કાઢી છે અને માન – અકરામ પણ મેળવ્યા જ છે. એ સાથે સાથે આ જે "કેળવણી" છે એ તમે કરી શકયા છો એ સાચે જ કાબિલે દાદ છે. આ ક્ષેત્રે તમે સૌ એવી ઉંડાઈ પ્રાપ્ત કરો કે અમે આફરીન થઈ જઈએ એ જ અભ્યર્થના. સૌને અભિનંદન, આકાશ ભરીને શુભેચ્છાઓ

લતાબહેન – શ્રેય – ગાયત્રી – પંકજભાઈ સૌને યાદ...

ભદ્રા – વિક્રમ સવાઈ

**સૂર્યકાન્ત શાહ**
**૧૭, ગાયત્રી ગંગા નગર, મકનજી પાર્કની પાસે, અડાજણ, સુરત ૩૯૫૦૦...**

**૧૯–૯–૨૦૨૫**
**સ્નેહીશ્રી બંકિમભાઈ**

કુશળ હશો. 'સેવા સુવાસ' નિમમિત મળે છે. વાંચતા પરિતોષ થાય છે કે 'સેવા સુવાસ' અંત્યોદયમાં જોડાઈ છે. અમારી રેશના લીસ્ટ મિત્રોની 'સત્યશોધક સભા' ના માસિક 'સભાજોડાણ'માં કોઈકવાર તમારા 'સેવા સુવાસ' માંથી માનવવાદને પોતાના સમાચાર કે તમારી સેવાના પ્રવૃતિને સાભાર પ્રકાશિત કરીએ છીએ.

## અમે કયાં ચુકયા !

સેવા રૂરલની સેવા યાત્રાના ૪૫ વર્ષ પુરા થશે. આ યાત્રા નાના–મોટા ઉતાર–ચઢાવ સાથે એકંદરે સફળતાપૂર્વક પ્રગતિને પંથે છે. ખાસ કરીને સ્થાપક ટ્રસ્ટીઓ અને ત્યારપછીની બીજી હરોળ અને હવે ત્રીજી હરોળના કાર્યકરો મોટાભાગની જવાબદારી સંભાળી રહયા છે. બીજી તરફ લોક સ્વીકૃતિ અને લોક સહકાર દરેક બાજુએથી સારી રીતે મળી રહયો છે. છેલ્લા દસેક વર્ષમાં હોસ્પિટલ સહિત વિવિધ નવા પ્રોજેકટ શરૂ થયા છે. પરિણામે જોતજોતામાં અમારા કાર્યકરોની સંખ્યા પણ હવે ૪૦૦ના આંકડાને આંબી ગઈ છે. પ્રવૃત્તિઓનું વિસ્તરણ અને કાર્યકરોના વ્યાપના પરિણામે સ્વાભાવિક છે કે અમને બધાને એવી ચિંતા થાય જ કે, નવા કાર્યકરોમાં પણ સંસ્થાનું મિશન, કાર્ય પ્રણાલિકા અને કેટલીક પરંપરાઓ જળવાઈ રહે અને દઢીકરણ પણ થતું રહે, આ માટે વર્ષમાં દરેક કાર્યકર સાથે વર્ષમાં એકવાર 'સંસ્કાર સિંચન'વર્કશોપ યોજવામાં આવે છે. આ ઉપરાંત દરેક પ્રવૃત્તિઓના વિભાગોમાં પણ કેન્દ્ર સ્થાને ''કાર્યકરો''રહયા છે. કાર્યકરો સાથે સતત સંવાદ અને કાર્યકરો માટે થતી વિવિધ પ્રવૃત્તિઓ (સ્ટાફ વેલ્ફેર પ્રવૃત્તિઓ) ને પરિણામે કાર્યકરોમાં "મારી સંસ્થા"ની લાગણી રહે છે.

આમ છતાં છેલ્લાં કેટલાંક વર્ષોમાં અમારા કેટલાંક નિયમિત રીતે યોજાતા કાર્યક્રમો જેવા કે જન્માષ્ટમી ઉત્સવ, ૨૬મી જાન્યુ.ની રમતગમત, દિવાળી સ્નેહમિલન, લાયબ્રેરીનો નહીંવત ઉપયોગ વિગેરેમાં કાર્યકરોની અને પરિવારજનોની સંખ્યા ઉત્તરોત્તર ઘટી રહી છે. આવું શા માટે થઈ રહયું છે ? એ પ્રશ્ન અમને મુંઝવી રહયો છે. આ માટે ઘણાં કારણો હોઈ શકે. પરંતુ અમને એવું જણાય છે કે, આવા વિવિધ કાર્યક્રમો જ આપણને સૌને (કાર્યકરોને) એકબીજા સાથે બાંધી રાખે છે એ ભાવના ઊભી કરવામાં અમે કયાંકને કયાંક પાછા પડી રહયા છીએ. સંસ્થા અને તેના કાર્યકરોની જે આગવી ઓળખ (સદ્‌ગુણોની) ઊભી થઈ છે. તેમાં ધોવાણ થઈ શકે છે.

જો કે કેટલાંક વ્યવહારિક કારણો પણ નજર સામે આવે છે. જેવા કે (૧) ઘણાં કાર્યકરો ઝઘડિયાની બહાર આસપાસના વિસ્તારમાંથી અપડાઉન કરી રહયા છે. (૨) અમારા કાર્યક્રમો મોટા ભાગે સાંજે – રાત્રે પણ હોય છે જે કદાચ બહારથી આવનારા કાર્યકરો માટે અસુવિધાજનક બની રહે.

## સંશોધનની એરણે

**શીર્ષક :**

ગુજરાતના આદિવાસી વિસ્તારોમાં અંધત્વની સંભાળને કેવી રીતે સુધારી શકાય એના વિશે સંશોધન

**પૃષ્ઠભૂમિ :**

ભારતે ૧૯૭૬માં રાષ્ટ્રીય અંધત્વ નિયંત્રણ કાર્યક્રમ શરૂ થયો ત્યારથી આંખની સંભાળમાં ઘણી પ્રગતિ કરી છે, પરંતુ હજુ પણ લાખો લોકો અંધત્વ અને દ્રષ્ટિની સમસ્યાઓથી પીડાયલા છે. અંધત્વ ઘટાડવા માટે, "આંખની શિબિરો" (આંખના કેમ્પ) સમુદાય આધારિત કાર્યક્રમો યોજાય છે, જયાં લોકોની આંખોની તપાસ થાય છે અને મોતિયાના અથવા અન્ય આંખની સમસ્યાઓ હોય તો તે માટે હોસ્પિટલમાં સારવાર માટે મોકલવામાં આવે છે. આ કેમ્પની સફળતા મોતિયાના દર્દીઓ હોસ્પિટલમાં જઈને સારવાર લે તેના પર નિર્ભર છે.

સેવા રૂરલ દ્વારા પણ આ સેવાઓ ઘણા વર્ષોથી ચાલુ કરી અને ઘણા લાભાર્થીઓને સેવા આપવામાં આવી. આ કાર્યક્રમને કેવી રીતે હજુ સુધારી શકાય એના માટે સેવા રૂરલના ટીમ અને વિદેશથી આવેલ વિદ્યાર્થી કાયલ પટેલ દ્વારા એક સંશોધન કરવામાં આવ્યું. આ સંશોધન માટે બે હેતુ હતા.

૧. આંખના કેમ્પમાંથી હોસ્પિટલમાં મોકલાયેલા દર્દીઓમાંથી કેટલા લોકો હોસ્પિટલમાં જાય છે અને શસ્ત્રક્રિયા કરાવે છે તે જાણવું.

૨. આંખની સારવાર લેવા માટે દર્દી શું વિચાર કરે છે?

**સંશોધન પધ્ધતિઓ :**

અમે જૂનથી નવેમ્બર ૨૦૨૨ દરમ્યાન ગુજરાતના ભરૂચ અને નર્મદા જિલ્લાઓના આદિવાસી ગામોમાં સેવા રૂરલ દ્વારા યોજાયેલા ૧૪ આંખના કેમ્પમાં દર્દીઓ પાસેથી માહિતી ભેગી કરી. આ માહિતીમાં સર્વે, ઈન્ટરવ્યુ અને નિરીક્ષણનો સમાવેશ થતો હતો. સંખ્યાત્મક ડેટાનું વિશ્લેષણ કરવામાં આવ્યું અને સારવાર લેવા અને શસ્ત્રક્રિયા કરાવવાને અસર કરતા પરિબળો જાણી શકાય અને ડેટાનું અભ્યાસ કરીને સારવાર ન લેવાના મુખ્ય કારણો શોધવામાં આવ્યા.

**પરિણામો :**

અમારા અભ્યાસમાં ૧૮૮ મોતિયાના દર્દીઓ હતા, જેમાંથી ૧૨૪ (૬૬%) લોકોએ હોસ્પિટલમાં સારવાર લીધી અને ૧૦૫ (૫૬%) લોકોએ શસ્ત્રક્રિયા કરાવી. જે લોકો પાસે પોતાનું વાહન હતું તેઓની હોસ્પિટલ જવાની શકયતા ૬૦% ઓછી હતી. જે દર્દીઓ સાથે કેમ્પના દિવસે કોઈ સંભાળ રાખનાર હતું, તેઓની હોસ્પિટલ જવાની શકયતા લગભગ ૩ ગણી વધારે હતી. પુરૂષોની શસ્ત્રક્રિયા કરાવવાની શકયતા સ્ત્રીઓ કરતાં ૪૯% ઓછી હતી, આર્થિક રીતે ગરીબ લોકોની શસ્ત્રક્રિયા કરાવવાની શકયતા અન્ય કરતા બમણી હતી.

જાતિ, ઉંમર, શિક્ષણ, વ્યવસાય, વૈવાહિક સ્થિતિ અથવા એકલા રહેવું જેવા પરિબળો સારવાર કે શસ્ત્રક્રિયા સાથે સંકળાયેલા નહોતા. ગુણાત્મક ડેટા દ્વારા જાણવા મળ્યું કે સારવાર ન લેવાના મુખ્ય કારણોમાં જાણકારીનો અભાવ, લાંબી બીમારીઓ, આર્થિક મુશ્કેલીઓ, જરૂરિયાત ન લાગવી, અચાનક બનતી ઘટનાઓ અને

અસુવિધાનો સમાવેશ થાય છે.

**નિષ્કર્ષ:**

સમુદાય આધારિત આંખના કેમ્પ અસમાનતા ઘટાડે છે, કારણ કે સ્ત્રીઓ અને આર્થિક રીતે ગરીબ લોકોમાં શસ્ત્રક્રિયાનું પ્રમાણ વધુ જોવા મળ્યું. જોકે, ઘણા દર્દીઓ હજુ પણ હોસ્પિટલ આવવાનું વાહનના અભાવ, સંભાળ રાખનારની ગેરહાજરી અને જાણકારીના અભાવે જેવી સમસ્યાઓને કારણે સારવાર લેતા નથી. સમુદાય આરોગ્ય કાર્યકરો દ્વારા સતત સંપર્ક, હોસ્પિટલ વિઝિટ અને કેમ્પમાં સારી સલાહ–સૂચન આપવાથી આ સમસ્યાઓ ઘટાડી શકાય છે.

## નાનાઓની મોટાઈ

ગામ કુનબાર ત્યાં સેવા રૂરલ દ્વારા પ્રાથમિક આરોગ્ય સંભાળનો કાર્યક્રમ ચાલે છે. જેમાં માનસીક આરોગ્યનું પણ કામ કરવામાં આવે છે. ગામમાં આવા જ એક માનસીક આરોગ્યનું દર્દી જે ગામમાં એકલો જ રહે છે. એમના પત્ની અને બાળકો આ ભાઈને આવી પરીસ્થિતિ જોઈ એમના પપ્પાના ઘરે (પીયર) જતા રહયા છે. ભાઈ એકલા જ અને આવી ગંભીર માનસીક સ્થિતી.

આ માટે શું કરી શકાય એ સંદર્ભે ગામના વડીલ પારસીંગભાઈને આપણા કાર્યકર દ્વારા વાત કરી તો તેઓ પોતે આ ભાઈ માટે ડેડીયાપાડાથી સરકારી હોસ્પિટલમાંથી દર મહિને જાતે જઈ દવા લઈ આવી આ ભાઈને દવા આપે છે. જે ખરેખર એક માનવતાનું ઉદાહરણ પુરુ પાડે છે. હાલમાં આ ભાઈની માનસીક સ્થિતી સારી છે.

## અનુભવની એરણ ઉપર

દિવાળીના દિવસો દરમિયાન વિવેકાનંદ ગ્રામીણ ટેકનિકી કેન્દ્રના વિદ્યાર્થીઓને રજા આપવામાં આવે છે અને તેઓ ઘરે જાય છે. આ રજાઓ દરમિયાન કેન્દ્રનો સ્ટાફ વિદ્યાર્થીઓના ઘરની મુલાકાત લે છે અને તેમના પરિવાર સાથે વિદ્યાર્થીઓની પ્રગતિની અને ટ્રેનિંગની વાતો કરે છે.

ઘણા વર્ષોથી આ પ્રમાણેની એક પ્રણાલિકા ઉભી થઈ છે. તેવી રીતે આ વર્ષે પણ દિવાળીના દિવસો દરમિયાન ઓકટોબરની ૧૮ થી ૨૫ તારીખ સુધી અમારા કાર્યકરોએ કુલ ૭૬ ગોમોમાં ૧૨૮ જેટલા વિદ્યાર્થીઓની હોમ વિઝીટ કરી. હવે અમારા કેન્દ્રમાં, ગરીબ વર્ગના અર્ધશિક્ષિત વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે છે. હોમ વિઝીટ દરમિયાન અમારા કાર્યકરોએ એવું અનુભવ્યું કે, આપણે જેમને પ્રવેશ આપ્યો છે તેઓ ખરેખર વંચિત રહી ગયેલા જરૂરિયાતમંદ યુવાનોને પ્રવેશ આપ્યો છે. તેમની આર્થિક પરિસ્થિતી ઘણી નબળી જણાઈ. હોમ વિઝીટ પછી તેના અનુભવોની ચર્ચા કરવા માટે યોજાયેલ સ્ટાફ મીટીંગમાં બધા કાર્યકરોએ પોતાનો એવો સૂર વ્યકત કર્યો કે આપણે જે વિદ્યાર્થીઓની ફી માસિક રૂા. ૭૦૦/– લઈએ છે તે આ વિદ્યાર્થીઓ માટે ઘણી મોટી છે. મોટાભાગના ફી ભરી શકે તેવું જણાતું નથી. પરિણામે આ મુદ્દા ઉપર વિવિધ સ્તરે ચર્ચા વિચારણા કરી અને વિદ્યાર્થીઓની ફી માસિક રૂા.૭૦૦/– ને બદલે રૂા. ૪૦૦/– લેવાનું નક્કી કર્યું અને તેમાં પણ અત્યંત ગરીબ વિદ્યાર્થીઓની ફી માફી કરીશું તેવું પણ નક્કી કરવામાં આવ્યું.

આમ પ્રત્યક્ષ મુલાકાતથી વિદ્યાર્થીઓની સામાજિક – આર્થિક પરિસ્થિતીનો ખ્યાલ આવે છે, જે તેમની રોજબરોજની ટ્રેનિંગ અને હોસ્ટેલ જીવનમાં પણ આ ચિત્ર અમારા સ્ટાફ પાસે હોય છે.

અમારા કાર્યકરોના પ્રતિભાવો અને સૂચનો લેવાની અમારી જે પરંપરા રહી છે તેમાં અંતે તો જેમને માટે આ કામ ઉપાડેલું છે તેવા વિદ્યાર્થીઓ હોય કે હોસ્પિટલના દર્દીઓ હોય કે અન્ય જરૂરિયાતમંદ માટે લીધેલા નિર્ણયોમાં પણ બદલાવ કરતા આવ્યા છે.

## અમારી વાત : સફળતાનો માપદંડ

સેવા રૂરલ દ્વારા સંચાલિત વિવેકાનંદ ગ્રામીણ ટેકનિકી કેન્દ્રમાં ગ્રામ્ય અને આદિવાસી વિસ્તારના મુખ્યત્વે સ્કૂલ ડ્રોપઆઉટ યુવાનોને તેમની આર્થિક પરિસ્થિતી ધ્યાનમાં રાખીને પ્રવેશ આપવામાં આવે છે. બેચ નં. ૧૨માં કિરણભાઈ વસાવા, બોરિદ્રા ગામ, ટર્નર ટ્રેડમાં પ્રવેશ મેળવ્યો. સફળતાપૂર્વક તાલીમ પૂરી કરી અને નિષ્ઠાપૂર્વક ઉદ્યોગોમાં કામ પણ કરી રહ્યા છે. હાલમાં તેઓ યામિર પેકેજીંગ કંપની, માંડવા, તા. ઝઘડિયામાં કામ કરે છે. હવે મુખ્ય અગત્યની વાત તેમના જીવનમાં વિવેકાનંદ ગ્રામીણ ટેકનિકી કેન્દ્રએ મહત્વનો ભાગ ભજવ્યો અને તેમનામાં જે કાંઈ ગુણો આવ્યા... જેવાકે મહેનત, પ્રમાણિકતા અને કામ પ્રત્યેની નિષ્ઠાના ગુણો વિકસ્યા જેનો આજે જાત અનુભવ મેળવ્યો. હવે જયારે તેમને પોતાનું જીવન સાર્થક થતું જણાય છે ત્યારે તેમના દિકરા સુમિત વસાવાને પણ આજ વિવેકાનંદ ગ્રામીણ ટેકનિકી કેન્દ્રના ફાયર સેફટી ટ્રેડમાં પ્રવેશ અપાવ્યો છે. અને તેઆ આ સંસ્થામાં ભણી ગયા હોવાનો ગૌરવ અનુભવે છે અને સાથે સાથે પોતાના બાળકમાં પણ આવા જ ગુણો જીવનમાં આવે તેવા શુભ આશયથી પ્રવેશ અપાયો છે.

હવે માત્ર એકલા કિરણભાઈની વાત નથી. અમારા ૪૦ વર્ષના અનુભવમાં અમે આ જોતા આવ્યા છીએ કે ઘણા વાલીઓ પોતાના સગા દિકરા / દિકરીને અથવા તો પોતાના સગા સંબંધીના દિકરા / દિકરીઓને કે પડોશના કે ગામના દિકરા / દિકરીઓને અહીયા એડમિશન અપાવવા માટે પ્રોત્સાહિત કરે છે આજ દર્શાવે છે આ સેન્ટરની સફળતાનો માપદંડ. આ વાત પ્રમાણમાં નાની લાગે છે પરંતુ સમાજ પરિવર્તનમાં આ વિવેકાનંદ ગ્રામીણ ટેકનિકી કેન્દ્ર કેવો ભાગ ભજવી રહ્યું છે ! આ સમુદ્રમાં ટીપા સમાન છે.

**રાષ્ટ્ર માટે પોતાનું સર્વસ્વ હોમી દેવા તત્પર બનેલા અને નિષ્ઠાથી ઊભરાતા લોકોનો જ્યારે તમને સાથ મળે – એવા લોકો જ્યારે તમારી વચ્ચે ઊભા થાય – ત્યારે ભારત એકેએક ક્ષેત્રમાં મહાન બનશે. રાષ્ટ્ર એટલે આખરે તો રાષ્ટ્રના લોકો જ !**



ફિઝીયોથેરાપી – નાના બાળકો



કાર્યકરો દ્વારા વૃક્ષારોપણ



ફિઝીયોથેરાપી – NICU



કિલ્લોલ 'ઘોડિયાઘર'માં આનંદ કરતા બાળકો




સોમવારી હાટમાં વેચાણ (નાસ્તા વિભાગ)

જયારે આપણે બીજાને આનંદ આપી શકીએ છીએ
ત્યારે જ આપણા જીવનનો હેતુ પરિપૂર્ણ થાય છે.
મા શારદા

પ્રિન્ટેડ બુક

**—: વિશેષ સુચના :—**

**અમારા સંસ્થામાંથી પ્રકાશિત થતું ત્રિમાસિક મુખપત્ર 'સેવા સુવાસ' E-mail થી મેળવવા માટે www.sewarural.org પર subscribe કરો.**

**આપનું E-mail / ID નીચેના મોબાઈલ ઉપર વોટસઅપ / SMS થી અથવા નીચેના સરનામે લખી મોકલાવશો.**

પ્રકાશક :
સેવા રૂરલ અને શારદા મહિલા વિકાસ સોસાયટી ,
ઝઘડીયા – ૩૯૩ ૧૧૦, જિ. ભરૂચ, ગુજરાત
સેવા રૂરલ પબ્લિક ટ્રસ્ટ રજી. નં. એફ/૧૧૦/ભરૂચ

**E-mail : sewarural@ymail.com, Website : www.sewarural.org**
**Facebook : http://www.facebook.com/sewarural**
ફોન : (૦૨૬૪૫) (ઓ.) ૨૨૦૦૨૧, ૨૨૦૮૬૮, (મો.) ૯૪૨૮૪ ૪૩૬૧૭
**PAN No. AAATS 7375J**

શા.મ.વિ.સો. પબ્લિક ટ્રસ્ટ રજિ. નં. એફ/૯૦૩/ભરૂચ
**smvs1985@yahoo.co.in, Website : www.shardamahilavikas.org**
ફોન નં. (૦૨૬૪૫) ૨૨૦૮૧૧, (મો.) ૯૪૨૯૦ ૩૬૪૯૦
**PAN No. AACTS 8212L**